# PSE (Primary) - 2025-26

| કેટેગરી |
| --- |
| A |

**કુલ સમય : 120 મિનિટ** **કુલ ગુણ : 120**

**બેઠક નંબર :** | | | | | | | | |

| PSE-G | પ્રશ્ન પુસ્તિકા નંબર
QUESTION PAPER NO.
A 276351
SEAL SEAL SEAL SEAL SEAL SEAL
QUESTION PAPER NO.

## <u>પરીક્ષાર્થીઓ માટે સૂચના</u>

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. પ્રશ્નપત્રમાં કુલ ૧૨૦ પ્રશ્નો છે. (૧) ભાષા-સામાન્ય જ્ઞાન ૬૦ પ્રશ્નો તથા (૨) ગણિત-વિજ્ઞાન ૬૦ પ્રશ્નો છે. જે તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં અચૂક દર્શાવવી.

# રફ કામ માટેનું પેઈજ

(1) રાત્રિના અંધકારમાં ટમટમતું જીવડું એટલે...

(A) આગિયા (B) પતંગિયા

(C) ફોદુ (D) અંધારિયું

(2) કાંકરિયા ........... ની રાખેલી ........... કાળજી માટે અધિકારી તરફથી ........... આપવામાં આવી. - યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) શરોવર, વિસેષ, શાબાશી (B) સરોવર, વિસેષ, સાબાશી

(C) સરોવર, વિશેષ, સાબાશી (D) સરોવર, વિશેષ, શાબાશી

(3) 1. 'પર્વતતારા' કાવ્યમાં કવિ કુદરતના સઘળા અંશોમાં ઈશ્વરને જુએ છે.

2. 'પર્વતતારા' કાવ્યના કવિ સુરેશ દલાલ છે.

3. 'પર્વતતારા' કાવ્યમાં કુદરતના અંશોનો મહિમા વર્ણવ્યો છે.

4. 'સંતાકુકડી રમતો રમતો રહે નજીક ને દૂર' - પંક્તિ 'પર્વતતારા' કાવ્યની છે.

પર્વતતારા કાવ્યને ધ્યાનમાં રાખીને આ ચાર વિધાન માટે શું સાચું છે ?

(A) ચારેય વિધાન સાચા (B) ચારેય વિધાન ખોટા

(C) ત્રણ વિધાન સાચા એક ખોટું (D) ત્રણ વિધાન ખોટા એક સાચું

(4) ખાલી જગ્યા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

મોર ..........., સિંહ ........... અને વાંદરો ...........

(A) ટહુકા કરે, ત્રાડ પાડે, ચિચિયારી કરે (B) ત્રાડ પાડે, ટહુકા કરે, ચિચિયારી કરે

(C) ચિચિયારી કરે, ટહુકા કરે, ત્રાડ પાડે (D) ટહુકા કરે, ચિચિયારી કરે, ત્રાડ પાડે

(5) મોંમાંથી પાણી છૂટવું એટલે મોંમાં લાળ છૂટવી તો અભિયાન ઓગળી જવું એટલે...

(A) આનંદમાં આવી જવું (B) પાયમાલી થવી

(C) ગર્વ જતો રહેવો (D) પીગળી જવું

(6) રેખાંકિત સ્થાન માટે આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

દિવિત આઠ વર્ષનો વિદ્યાર્થી છે.

<u>દિવિત</u> ભોજનપ્રિય છે. <u>દિવિતના</u> દાદી સરસ મુરબ્બો બનાવે છે. <u>દિવિતને</u> આ મુરબ્બો બહુ ભાવે છે.

(A) તેનું, તેને, તેના (B) તે, તેના, તેને

(C) તેના, તેનું, તેને (D) તેની, તેના, તેને

(7) બાળકોનું <u>આનંદ</u> કરતું ટોળું મનને ખૂબ ગમ્યું. લીટી દોરેલ શબ્દ માટે કયો વિકલ્પ સાચો થશે ?

(A) જાતિવાચક નામપદ (B) વ્યક્તિવાચક નામપદ

(C) સમૂહવાચક નામપદ (D) ભાવવાચક નામપદ

(8) ગમગીન એટલે...

(A) રસાળ (B) ઉદાસ

(C) ગભરાયેલું (D) બેબાકળું

(9) બે મોટા સમુદ્રને જોડનારી ખાડી એટલે...

(A) ઈન્દ્રગોપ (B) દ્વીપકલ્પ

(C) સામુદ્રધુની (D) લાંબી પટ્ટી

(10) દોડની હરિફાઈમાં હું ............ દોડીશ, ભીની ચીકણી માટીમાં હું ............ ચાલીશ અને રંગવાળા હાથ હું ............ ધોઈશ.

(A) સાચવીને, ઝડપથી, ઘસીઘસીને (B) ઝડપથી, સાચવીને, ઘસીઘસીને

(C) ઘસીઘસીને, ઝડપથી, સાચવીને (D) સાચવીને, ઘસીઘસીને, ઝડપથી

(11) વિભાગ **'અ'** અને વિભાગ **'બ'**ની યોગ્ય જોડ બને તે રીતે વિકલ્પ પસંદ કરો.

| **'અ'** | **'બ'** |
|---|---|
| 1. નિબંધ | અ) ચોરસ |
| 2. બૉક્સ | બ) સુંદર |
| 3. સાઈકલ | ક) કંટાળાજનક |
| 4. અક્ષર | ડ) નવી |

(A) 1 - ક, 2 - અ, 3 - ડ, 4 - બ (B) 1 - અ, 2 - ક, 3 - ડ, 4 - બ

(C) 1 - ડ, 2 - અ, 3 - બ, 4 - ક (D) 1 - બ, 2 - અ, 3 - ક, 4 - ડ

(12) જંગલમાં પ્રાણીઓના ભયથી ટીંકુ ઝડપથી ચાલી રહ્યો હતો. – વાક્યમાં 'ઝડપથી' શું છે ?

(A) ક્રિયાવિશેષણ (B) આખ્યાત

(C) નામવિશેષણ (D) નામ

(13) નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ?

(A) નિરીક્ષક (B) નીરિક્ષક

(C) નિરિક્ષક (D) નીરીક્ષક

(14) મનુષ્યને જીવવા માટે <u>પ્રાણવાયુ</u> જરૂરી છે. – વાક્યનો અર્થ ન બદલાય તે રીતે લીટી દોરેલ શબ્દનો વિકલ્પ પસંદ કરો.

(A) જીવ (B) ઑક્સિજન

(C) કાર્બનડાયોક્સાઈડ (D) જીવન

(15) 'ઓહોહો ! કેટલો મોટો મહેલ .............' આ વાક્યમાં કયો ભાવ છે અને વાક્યને અંતે કયું ચિહ્ન આવશે ?

(A) નવાઈ, ઉદ્ગાર (B) પ્રશ્ન, પ્રશ્નાર્થ

(C) પૂછપરછ, પ્રશ્નાર્થ (D) પ્રશ્ન, આશ્ચર્યવિરામ

(16) 'જય જય ગરવી ગુજરાત !' કાવ્ય માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) ગુજરાતના ગૌરવનું ગીત છે.

(B) જેમાં નર્મદાનો ગુજરાત માટેનો પ્રેમ છે.

(C) અહીં ખમીર, સાહસ અને પરાક્રમનું વર્ણન છે.

(D) ગંગા, યમુના વગેરે નદીઓને યાદ કરી છે.

(17) દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતા રાજાએ પોતાની પ્રજા માટે પોતાનો <u>ખજાનો ખુલ્લો મૂકી દીધો.</u> – અહીં ખજાનો ખુલ્લો મૂકી દીધો એટલે...

(A) વર્ષોથી બંધ જૂનું ધન બધાને બતાવ્યું (B) દરબારના દરવાજા ખોલાવ્યા

(C) મોટો પટારો ખોલાવ્યો (D) પોતાનો મૂલ્યવાન ભંડાર પ્રજા માટે ખોલ્યો

(18) ક્યાં ગયો પેલો લોકસાહિત્યવાળો ................ વાક્યને અંતે કયું વિરામચિન્હ આવશે ?

(A) પૂર્ણવિરામ (B) પ્રશ્નચિન્હ

(C) અવતરણચિન્હ (D) ઉદ્ગારચિન્હ

(19) <u>કાળો</u> કૂતરો ઝાડ પર ચઢી ગયો. આ વાક્યમાં 'કાળો' શું છે ?

(A) વિશેષણ (B) વિશેષ્ય

(C) ક્રિયાવિશેષણ (D) સંખ્યાવિશેષણ

(20) 'રામ રાખે તેમ રહીએ' કાવ્યમાં ઈશ્વર પ્રત્યે કયો ભાવ વ્યક્ત થયો છે ?

(A) મૈત્રી (B) સમર્પણ

(C) પુત્ર (D) વેર

(21) સિલક એટલે...

(A) હાથ પરની રોકડ રકમ (B) તિલક

(C) સોનાના સિક્કા (D) ચહેરો

(22) ઝટ ન ઉકલી શકે એવા પ્રશ્નને એક શબ્દમાં કહીએ તો...

(A) કુટિલ (B) કોયડો

(C) મોટોપ્રશ્ન (D) અપ્રશ્ન

(23) આ વાક્યમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા ઓળખો ?

શ્રીકૃષ્ણ માખણ ખાઈને ગાયો ચરાવવા જાય.

(A) શ્રીકૃષ્ણ (B) માખણ

(C) ચરાવવા (D) જાય

(24) વિવિધ પ્રવાહી, અનાજ, ધાતુઓ જેવા દ્રવ્યોનું સૂચન કરતી સંજ્ઞા કઈ સંજ્ઞા કહેવાય ?

(A) સમૂહવાચક સંજ્ઞા

(B) દ્રવ્યવાચક સંજ્ઞા

(C) ભાવવાચક સંજ્ઞા

(D) ક્રિયાવાચક સંજ્ઞા

(25) વાક્યમાં લીટી દોરેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ ખાલીજગ્યા માટે જણાવો.

<u>ઉપયોગી</u> વસ્તુઓની યાદી બનાવો જેમાં ............... વસ્તુઓ ન આવે તેની કાળજી રાખજો.

(A) નિરુપયોગી (B) સદુપયોગ

(C) સુઉપયોગી (D) સદાઉપયોગી

(26) 'સામાન્ય રીતે મધુર લાગતો મોટો અવાજ' – શબ્દસમૂહ માટે એક શબ્દ કયો છે ?

(A) ગર્જના (B) સુર

(C) ત્રાડ (D) નાદ

(27) અર્થ જુદો પડતો હોય તેવો શબ્દ કયો છે ?

(A) ચિત્કાર (B) કકળાટ

(C) કલ્પાંત (D) કજિયો

(28) 'ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય' કૃતિના લેખક કોણ છે ?

(A) હિમાશી શેલત (B) ડૉ. જયંત નારલીકર

(C) રમણભાઈ નીલકંઠ (D) ગિજુભાઈ બધેકા

(29) 'બાળકે તેને <u>વહાલપૂર્વક</u> ગોદમાં તેડી લીધું.' – વાક્યમાં રેખાંકિત શબ્દ 'વહાલપૂર્વક' શું છે ?

(A) સંજ્ઞા (B) સર્વનામ

(C) વિશેષણ (D) ક્રિયવિશેષણ

(30) આપેલાં વાક્યોમાં ખોટું વાક્ય કયું છે ?

(A) નામની વિશેષતા વિશેષણ બતાવે છે.

(B) ક્રિયા કેવી રીતે થઈ તે ક્રિયાપદ બતાવે છે.

(C) એકલી ક્રિયા, ઘટના કે સ્થિતિને બતાવનાર શબ્દને આખ્યાત કહે છે.

(D) ઘણીવાર ક્રિયાવિશેષણ બે વાર વપરાય છે.

(31) સાચી જોડણી કઈ છે ?

(A) દષ્ટિ (B) નીરિક્ષક

(C) પરીસ્થિતિ (D) પૂર્વવત્

(32) આપેલા શબ્દોમાં શુદ્ધ શબ્દ કયો છે ?

(A) અરૂણું (B) મધ્યાન્હ

(C) સિધ્ધરાજ (D) સાક્ષાત્

(33) રૂઢિપ્રયોગ અને તેના અર્થની દષ્ટિએ સાચી જોડ કઈ છે ?

(A) કાનમાં ગૂંજવું - ઉત્સાહમાં આવી જવું (B) મોં મચકોડવું - ઉદાસ થઈ જવું

(C) ભભૂકી ઊઠવું - દુ:ખનો અનુભવ કરવો (D) અધ્ધરપધ્ધર વાતો કરવી - ઉડાઉ જવાબ આપવો

(34) 'વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવાના.' – વાક્યમાં કયું પદ વિશેષણ છે ?

(A) ઊઠીને (B) ઠંડા

(C) પાણીમાં (D) દેવાના

(35) समानार्थी शब्दों की सही जोड़ हो, ऐसा विकल्प चुनिए।

(A) सहसा = परेशानी
(B) हरदम = होंठ
(C) अंतर = समर्पण
(D) पहेली = समस्या

(36) मुहावरा और उसके अर्थ की सही जोड़ पहचानिए।

(A) आँख खुलना – सही बात का ज्ञान होना
(B) अनसुनी करना – आदत से मजबूर होना
(C) मन डोलना – खुशी से नाचने लगना
(D) वचन देना – नया जीवन देना

(37) वाक्य में रेखांकित शब्द का सही प्रयोग हुआ हो, ऐसा विकल्प चुनिए।

(A) रविवार को <u>हम</u> बाजार जाऊँगा।
(B) पुस्तक रुचिकर है, <u>वह</u> मैं भी पढूँगी।
(C) अध्यापक जी ने बताया <u>की</u> कल विद्यालय में अवकाश रहेगा।
(D) यह वही लड़का है <u>जिसने</u> कल गीत गाया था ?

(38) Find the odd word.

(A) nephew
(B) cousin
(C) woman
(D) niece

(39) Choose the most appropriate option :

I ................ run faster than you.

(A) can
(B) must
(C) should
(D) may

(40) The opposite word of 'beautiful' is ................ .

(A) dirty
(B) difficult
(C) sad
(D) ugly

(41) કયા વેદમાંથી આપણને ભારત નામ જાણવા મળે છે ?

(A) અથર્વવેદમાંથી
(B) યજુર્વેદમાંથી
(C) ઋગવેદમાંથી
(D) સામવેદમાંથી

(42) ગુજરાતના કયા સ્થળેથી માનવવસાહતો અને ગેંડાના અવશેષો મળી આવ્યા છે ?

(A) લોથલ (B) ધોળાવીરા

(C) જુનાગઢ (D) લાંઘણજ

(43) નીચેના પૈકી સાચું જોડકું કયું છે ?

(A) સૌરપરિવારના કુલ ગ્રહો - નવ (B) કુલ નક્ષત્રોની સંખ્યા - છવ્વીસ

(C) ખૂબ જ ઠંડો ગ્રહ - યુરેનસ (D) પૃથ્વી અને ગુરુની વચ્ચેનો ગ્રહ - શનિ

(44) ધોળાવીરા કચ્છના કયા વિસ્તારમાં આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે ?

(A) વાગડ (B) ખદીરબેટ

(C) બન્ની (D) ખાવડા

(45) ગ્રામપંચાયતમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે ?

(A) 10 (B) 14

(C) 16 (D) 18

(46) નગરપાલિકાના વહીવટી વડા કયા નામે ઓળખાય છે ?

(A) નગરસેવક (B) પ્રમુખ

(C) મેયર (D) ચીફ ઑફિસર

(47) $23.5^{0}$ દક્ષિણ અક્ષાંશવૃત્તને શું કહે છે ?

(A) વિષુવવૃત્ત (B) કર્કવૃત્ત

(C) મકરવૃત્ત (D) ગ્રિનવિચ રેખા

(48) વાતાવરણમાં નાઇટ્રોજન વાયુનું પ્રમાણ આશરે કેટલા ટકા છે ?

(A) 0.03 % (B) 0.94 %

(C) 20.99 % (D) 78.03 %

(49) નર્મદા નદી કઈ પર્વતમાળામાંથી પસાર થાય છે ?

(A) સુલેમાન પર્વતમાળામાંથી (B) વિંધ્ય પર્વતમાળામાંથી

(C) અરવલ્લી પર્વતમાળામાંથી (D) હિમાલયની પર્વતમાળામાંથી

(50) '**હું વહેલી સવારથી** જ પરીક્ષાકેન્દ્ર પર આવી ગયો છું.' ઘાટા કરેલ શબ્દોને ધ્યાનમાં રાખીને જવાબ અપાયો હોય તો પ્રશ્ન શું હશે ?

(A) તું ક્યાંથી આવ્યો છે ?
(B) તું ક્યારથી આવી ગયો છે ?
(C) તું કેટલા વાગ્યે આવ્યો ?
(D) તું ક્યાં અને ક્યારે આવ્યો છે ?

(51) ગરબા માટે પ્રખ્યાત નવરાત્રી કયા મહિનામાં આવે છે ?

(A) શ્રાવણ
(B) માગશર
(C) આસો
(D) ફાગણ

(52) મહેસાણા જિલ્લાની એક શાળાએ 'સૌથી નજીકના' હવા ખાવાના સ્થળે પ્રવાસ ગોઠવવો છે, તમે કયું સ્થળ સૂચવશો ?

(A) શિમલા
(B) સાપુતારા
(C) કાશ્મીર
(D) માઉન્ટ આબુ

(53) પાંચમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીની ઊંચાઈ અંદાજે કેટલી હોય ?

(A) ચાર-પાંચ સેમી
(B) ચાર-પાંચ ઇંચ
(C) ચાર-પાંચ મિટર
(D) ચાર-પાંચ ફૂટ

(54) રમતાં રમતાં કેશવને ખૂબ જ ઝાડા - ઊલટી થઈ ગયા. તેને તરત શું આપવું જોઈએ ?

(A) લીંબુપાણી
(B) ગ્લુકોઝ
(C) ઠંડું દૂધ
(D) ગરમ દૂધ

(55) જો તમે છત્તીસગઢના તમારા મિત્રને ગુજરાતનો પ્રવાસ કરાવવા માંગતા હો, તો ગુજરાતના ઇતિહાસને સમજાવવા માટે તમે તેને કયાં સ્થળ બતાવશો ?

(A) ગીર અભયારણ્ય અને કાંકરિયા તળાવ
(B) સોમનાથ મંદિર અને લોથલ
(C) સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાયન્સ સીટી અમદાવાદ
(D) અંબાજી અને કચ્છનું રણ

(56) હાથની આજુબાજુની બે આંગળી વચ્ચે બનતો ખૂણો ............... હોય.

(A) ગુરુકોણ
(B) લઘુકોણ
(C) પુરકકોણ
(D) પ્રતિબિંબકોણ

(57) નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?

(A) બુધ – સૌથી નાનો ગ્રહ

(B) પૃથ્વી – નિર્જીવ ગ્રહ

(C) ગુરૂ – સૌથી મોટો ગ્રહ

(D) શુક્ર – સૌથી ગરમ ગ્રહ

(58) તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લાનું વિભાજન કરવામાં આવ્યું ?

(A) કચ્છ (B) બનાસકાંઠા

(C) અમદાવાદ (D) સુરેન્દ્રનગર

(59) પવનની દિશા પૂર્વથી પશ્ચિમની છે. રાહુલ અમદાવાદમાં પતંગ ઉડાડે છે તો પતંગ ............. તરફ ચગશે.

(A) આણંદ (B) સુરેન્દ્રનગર

(C) ખેડા (D) મહેસાણા

(60) નીચેનામાંથી કઈ કહેવત પરિશ્રમનું મહત્ત્વ દર્શાવે છે ?

(A) સંપ ત્યાં જંપ

(B) એકથી ભલા બે

(C) સિદ્ધિ તેને જઈ વ્હરે જે પરસેવે ન્હાય

(D) ન બોલવામાં ન ગુણ

(61) 2, 7 અને 8 અંકોમાંથી કોઈ એક અંકનું બે વાર પુનરાવર્તન કરી ચાર અંકની નાનામાં નાની સંખ્યા કઈ હશે ?

(A) 7282 (B) 8227

(C) 7228 (D) 8722

(62) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) બધી પ્રાકૃતિક સંખ્યાઓ પૂર્ણ સંખ્યાઓ છે.

(B) બધી પૂર્ણ સંખ્યાઓ પ્રાકૃતિક સંખ્યાઓ છે.

(C) સંખ્યા 1 પહેલાં કોઈ પ્રાકૃતિક સંખ્યા આવતી નથી.

(D) 0 સૌથી નાની પૂર્ણ સંખ્યા છે.

(63) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) લંબચોરસનો દરેક ખૂણો કાટખૂણો છે.

(B) ચોરસના વિકર્ણો એકબીજાને લંબ હોય છે.

(C) લંબચોરસની સામસામેની બાજુઓની લંબાઈ સરખી હોય છે.

(D) સમલંબ ચતુષ્કોણની સામસામેની બાજુઓ સમાંતર હોય છે.

(64) એક મિલિયન બરાબર કેટલા સો હજાર થાય ?

(A) 10 (B) 100


(C) 1000 (D) 10000

(65) 6, 2, 7, 4, 3 નો એક જ વખત ઉપયોગ કરીને બનતી સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો થશે ?

(A) 59725 (B) 27955

(C) 52965 (D) 52975

(66) નીચેના અવયવવૃક્ષમાં a તથા b માટેની યોગ્ય સંખ્યા શોધો ?




(A) a = 10, b = 6

(B) a = 5, b = 4

(C) a = 5, b = 2

(D) a = 20, b = 3

(67) 300 મીટર લંબાઈ અને 150 મીટર પહોળાઈ ધરાવતી લંબચોરસ જમીન પર પ્રતિ ચોરસ મીટરના રૂા. 20 પ્રમાણે લાદી પાથરવાનો ખર્ચ કેટલો થશે ?


(A) રૂા. 6000 (B) રૂા. 3000

(C) રૂા. 2250 (D) રૂા. 4500

(68) એક શાકવાળો રૂા. 30 ના કિલો ટમેટાં વેચે છે. તેણે સોમવારે અને મંગળવારે કુલ 20 કિલો તથા બુધવારે કુલ 25 કિલો ટમેટાં વેચ્યા તો તેણે સોમવારથી બુધવાર સુધીમાં કુલ કેટલા રૂપિયાના ટમેટાનું વેચાણ કર્યું ?

(A) 85
(B) 1350
(C) 1950
(D) 750

(69) નીચેની આકૃતિની પરિમિતિ કેટલી થશે ?




(A) 12 એકમ
(B) 10 એકમ
(C) 9 એકમ
(D) 8 એકમ

(70) એક વાસણનો $\frac{1}{5}$ ભાગ પાણીથી ભરેલો છે. જો તેનું પૂરું ભરવા માટે 40 લિટર વધુ પાણી જોઈએ તો વાસણમાં કુલ કેટલા લિટર પાણી સમાય ?

(A) 50 લિટર
(B) 40 લિટર
(C) 45 લિટર
(D) 60 લિટર

(71) 3.3 + 3.03 + 3.003 =

(A) 3.3303
(B) 33.3003
(C) 41.3333
(D) 9.333

(72) નીચેની સંખ્યાઓને ચડતાં ક્રમમાં ગોઠવો.

$\frac{3}{5}, \frac{9}{10}, \frac{5}{2}, \frac{7}{5}$

(A) $\frac{3}{5}, \frac{9}{10}, \frac{5}{2}, \frac{7}{5}$
(B) $\frac{9}{10}, \frac{7}{5}, \frac{5}{2}, \frac{3}{5}$
(C) $\frac{3}{5}, \frac{9}{10}, \frac{7}{5}, \frac{5}{2}$
(D) $\frac{3}{5}, \frac{5}{2}, \frac{7}{5}, \frac{9}{10}$

(73) નીચેનામાંથી કયો બહુકોણ છે ?

(A) વર્તુળ (B) અર્ધવર્તુળ

(C) ત્રિકોણ (D) ખૂણો

(74) 18 અને 24નો ગુ.સા.અ. શોધો.

(A) 6 (B) 9

(C) 12 (D) 18

(75) 7 અને 9 નો લ.સા.અ. શોધો.

(A) 7 (B) 9

(C) 63 (D) 81

(76) 75 ને રોમન અંકમાં કઈ રીતે દર્શાવાય ?

(A) LXXV (B) XLXV

(C) CXV (D) MXV

(77) 1 થી 100 સુધીમાં 13 ના અવયવી કેટલા મળે ?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

(78) ખૂણાઓની ભૂજાઓના છેદબિંદુને શું કહે છે ?

(A) મધ્યકેન્દ્ર (B) શિરોબિંદુ

(C) મધ્યબિંદુ (D) અંત્યબિંદુ

(79) □XYZW નો વિકર્ણ મેળવો.

(A) $\overline{YW}$ (B) $\overline{XY}$

(C) $\overline{OZ}$ (D) $\overline{XW}$

(80) પેટર્ન પૂર્ણ કરો. 237, 222, ............, 192, 177

(A) 217 (B) 207

(C) 212 (D) 202


(81) ક્રિકેટની રમતમાં 20 ઓવર પૂરી કરવા માટે 1 કલાક 30 મિનિટનો સમય લાગે છે. 10 ઓવર પછી 10 મિનિટનો વિરામ હોય છે. જો ક્રિકેટની રમત રાત્રે 8:30 કલાકે શરૂ થાય તો પૂરી કેટલા કલાકે થશે ?

(A) 10:30 PM
(B) 10:10 AM
(C) 10:00 PM
(D) 10:10 PM

(82) એક ચોરસ મેદાનની પરિમિતિ 80 મીટર છે. તો મેદાનની લંબાઈ કેટલા મીટર હશે ?

(A) 40 મીટર
(B) 20 મીટર
(C) 10 મીટર
(D) 15 મીટર

(83) આપેલ આકૃતિમાં રંગ કરેલ ભાગ કયો અપૂર્ણાંક દર્શાવે છે ?



(A) $\frac{1}{2}$
(B) $\frac{2}{5}$
(C) $\frac{1}{3}$
(D) $\frac{1}{4}$


(84) એક ખોખાની લંબાઈ 10 સેમી, પહોળાઈ 3 સેમી અને ઊંચાઈ 2 સેમી હોય તો આ ખોખામાં 1 સેમી માપના વધુમાં વધુ કેટલા સમઘન સમાય ?

(A) 30
(B) 90
(C) 60
(D) 10

(85) એક સાયકલ એક કલાકમાં 8 કિમી જેટલું અંતર કાપે છે તો 150 મિનિટમાં કેટલું અંતર કાપશે ?


(A) 20 કિમી
(B) 16 કિમી
(C) 12 કિમી
(D) 10 કિમી

(86) આપેલ આકૃતિમાં કેટલાં લંબચોરસ છે તે જણાવો ?



(A) 5
(B) 6
(C) 7
(D) 8

(87) આપેલ આકૃતિની પરિમિતિ 28 સેમી હોય તો $x$ બાજુનું માપ કેટલા સેમી થાય ?





(A) 10 સેમી (B) 6 સેમી

(C) 18 સેમી (D) 12 સેમી

(88) એક કેનમાં 40 લિટર છાશ ભરેલી છે. તેમાંથી 125 મિલિલિટરની કેટલી બૉટલ ભરી શકાય ?

(A) 32 (B) 1600

(C) 333 (D) 320

(89) 

આ આકૃતિ કઈ સંખ્યાનો સમઅપૂર્ણાંક દર્શાવે છે ?

(A) $\frac{3}{10}$ (B) $\frac{1}{5}$

(C) $\frac{2}{5}$ (D) $\frac{2}{4}$

(90) $\frac{2}{3} \times \underline{x} = \frac{2}{3}$ અહીં, $x$ ની કિંમત કેટલી થશે ?


(A) 0 (B) 1

(C) $\frac{2}{3}$ (D) $\frac{3}{2}$

(91) નીચે પૈકી કયા સમયની સ્થિતિમાં ઘડિયાળમાં બે કાંટા વચ્ચેનો કોણ સરળકોણ બનશે ?

(A) 4 કલાકે (B) 6 કલાકે

(C) 8 કલાકે (D) 10 કલાકે

(92)  ચતુષ્કોણ માટે કયું વિધાન સાચું નથી ?

(A) સામસામેની બાજુઓની એક જોડ સમાંતર છે.

(B) સામસામેનાં ખૂણા સમાન નથી.

(C) વિકર્ણો પરસ્પર દૂભાગે છે.

(D) આ સમાંતરબાજુ ચતુષ્કોણ છે.

(93) લાકડાં કરતાં તેનો વ્હેર ઝડપથી સળગે છે કારણ કે...

(A) વ્હેર વધુ જ્વલનશીલ છે.

(B) વ્હેરમાં ભેજનું પ્રમાણ વધુ છે.

(C) વ્હારના ટુકડા નાના હોવાથી હવા સાથેનો સંપર્ક વધુ હોય છે.

(D) વ્હારના ટુકડા નાના હોવાથી હવાને વધુ શોષી શકતા નથી.

(94) રોહિત અને સમીર બંને ચા બનાવી રહ્યા છે, બનેના હાથમાં ચમચો છે. રોહિત ચામાં ચમચો ડુબાડીને પકડી રહ્યો છે જ્યારે સમીર ચમચો ચામાં ડુબાડીને હવાલી રહ્યો છે. થોડીવાર પછી રોહિતને આંગળીઓમાં સખત ગરમી અનુભવાય છે અને સમીરને અનુભવાતી નથી. આમ શા કારણે થયું ?

(A) રોહિત ચાની તપેલીની નજીક ઊભો છે માટે.

(B) ચમચી હલતી રહેવાને લીધે ગરમી ફેલાતી જાય છે માટે હેન્ડલ ગરમ થતું નથી.

(C) રોહિતની આગળીઓ ચમચીની નજીક છે માટે.

(D) સ્થિર ચમચી ચા સાથે ઓછી સંપર્કમાં હોવાથી ગરમી ઝડપથી ચમચીના હેન્ડલ સુધી પહોચે છે અને હેન્ડલ ગરમ થાય છે માટે.

(95) અનાજને ઉપણીને સાફ કરી શકાય છે કારણ કે.....

(A) અનાજના દાણા અને કચરાના કદ અલગ અલગ હોય છે.

(B) અનાજના દાણા અને કચરાના રંગ જુદા હોય છે.

(C) અનાજના દાણા અને કચરાના વજન જુદા હોય છે.

(D) અનાજના દાણા અને કચરાના સ્વરૂપ જુદા હોય છે.

(96) રામ અને શ્યામ વચ્ચે શરત લાગી છે કે રામ એક બીકર પાણીમાં 250 gm મીઠું ઓગાળી દેશે. પરંતુ 200 gm મીઠું ઓગાળ્યા બાદ પાણી સંતૃપ્ત થઈ ગયું, તો શરત જીતવા રામ.....

(A) પાણીને ઓછું કરશે.

(B) પાણીને હલાવશે.

(C) પાણીને ગરમ કરશે.

(D) પાણીને ઠંડુ પાડવા દેશે.

(97) નીચેનામાંથી કયો વિકલ્પ સખતપણાનો ઉતરતો ક્રમ દર્શાવે છે ?

(A) હલવો, ચિક્કી, બિસ્કીટ, મલાઈ

(B) ચિક્કી, બિસ્કીટ, મલાઈ, હલવો

(C) ચિક્કી, બિસ્કીટ, હલવો, મલાઈ

(D) બિસ્કીટ, ચિક્કી, હલવો, મલાઈ

(98) વધારે પડતું ચરબીયુક્ત ભોજન લેવાથી ............ ની સ્થિતિ સર્જાય છે.

(A) મેદસ્વિતા

(B) તેજસ્વિતા

(C) અશકતતા

(D) અસ્થિરતા

(99) નીચે પૈકી કયું પ્રાણી ધારારેખીય શરીરરચના ધરાવે છે ?

(A) સાપ

(B) માછલી

(C) ગોકળગાય

(D) અળસિયું

(100) તમારા વર્ગમાં કોઈ વિદ્યાર્થીને દાંતમાં સડો થયો છે તથા તેના હાડકાં નબળા પડી ગયા છે તો તમે તેને ખોરાકમાં કયા પોષકતત્ત્વની માત્રા વધારવાનું સૂચન કરશો ?

(A) આયર્ન

(B) આયોડિન

(C) સોડિયમ

(D) કેલ્શીયમ

(101) નીચેનામાંથી કયો ખોરાક "ઊર્જા આપવાવાળો ખારોક - energy giving food છે ?"

(A) શીરો – પૂરી

(B) પાણી – પૂરી

(C) ભેળ – પૂરી

(D) છોલે – પૂરી

(102) પાણીમાં દ્રાવ્ય કયા વાયુને આધારે જળચર વનસ્પતિ પોતાનું જીવન ટકાવી શકે છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ

(B) હાઈડ્રોજન

(C) ઓક્સિજન

(D) નાઈટ્રોજન

(103) પર્ણમાં તૈયાર થતો ખોરાક વનસ્પતિના અન્ય અંગોમાં કોણ પહોંચાડે છે ?

(A) મૂળ (B) પ્રકાંડ

(C) પર્ણ (D) પુષ્પ

(104) માનવ શરીરમાં ઉખવી સાંધો કયા અંગમાં જોવા મળે છે ?

(A) ગરદન (B) કોણી

(C) પંજો (D) કાંડુ

(105) નીચેનામાંથી કયુ અનુકુલનનું ઉદાહરણ નથી ?

(A) ઉંદર અને સાપ બખોલમાં રહે છે.

(B) રણની વનસ્પતિના પાન નાના હોય છે.

(C) પર્વત વિસ્તારના વૃક્ષો શંકુ આકારના હોય છે.

(D) ગાય-ભેંસ જેવા પ્રાણીઓ આરામ કરતા હોય ત્યારે તેમના પેટનું હલનચલન થાય છે.

(106) લીલા શાકભાજી, બીટ અને આમળામાં કયાં તત્ત્વનું પ્રમાણ વધુ હોય છે ?

(A) લોહતત્ત્વ (B) આયોડિન

(C) ફૉસ્ફરસ (D) કેલ્શિયમ

(107) લોહીની ઊંડી તપાસ કરવી હોય તો કયાં સાધનનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) પેરિસ્કોપ (B) માઇક્રોસ્કોપ

(C) કેલિડોસ્કોપ (D) સ્ટેથોસ્કોપ

(108) કયા પ્રદેશમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી હોય છે ?

(A) જંગલ વિસ્તાર (B) દરિયાઈ વિસ્તાર

(C) રણ પ્રદેશ (D) મેદાની પ્રદેશ

(109) નીચે પૈકી કયું જૂથ કાગળમાંથી બનાવેલ વસ્તુઓનું છે ?

(A) નોટબુક, પુસ્તક, સમાચારપત્ર (B) કેલેન્ડર, ટોપી, પેન

(C) રમકડાં, પેન્સિલ, ચમચી (D) રૂપિયાની નોટ, કેલેન્ડર, દફતર

(110) પાણીની વરાળનું તેમા પ્રવાહી સ્વરૂપમાં રૂપાંતર થવાની ક્રિયાને શું કહે છે ?

(A) બાષ્પીભવન (B) ધનીભવન

(C) ગાળણ (D) નિતારણ

(111) ડુંગળી એ ખોરાકનો સંગ્રહ કરતું શું છે ?

(A) પર્ણ (B) પુષ્પ

(C) મૂળ (D) પ્રકાંડ

(112) પુષ્પનો કયો ભાગ રંગીન અને આકર્ષક હોય છે ?

(A) વજપત્ર (B) પુંકેસર

(C) દલપત્ર (D) સ્ત્રીકેસર

(113) નીચેનામાંથી કઈ વનસ્પતિ સોટીમય મૂળ તંત્ર ધરાવે છે ?

(A) બાજરી (B) તુલસી

(C) મકાઈ (D) ઘાસ

(114) કઈ વનસ્પતિના પર્ણમાં જાલાકાર શિરાવિન્યાસ હોય છે ?

(A) ઘાસ (B) મકાઈ

(C) વડ (D) કેળ

(115) પ્રકાશસંશ્લેષણની ક્રિયા વિશે કયું વિધાન ખોટું છે ?

(A) સૂર્યપ્રકાશ, $CO_2$, અને પાણી જરૂરી છે. (B) પર્ણ દ્વારા ઓક્સીજનનું શોષણ

(C) સ્ટાર્ચનું નિર્માણ (D) પર્ણમાં રહેલ ક્લોરોફીલની હાજરીમાં પ્રક્રિયા

(116) સમતોલ આહાર લેવાથી કયા પ્રકારના રોગ થતા નથી ?

(A) ચેપી રોગો (B) વારસાગત રોગો

(C) ત્રુટીજન્ય રોગો (D) ઉપરના બધાજ

(117) સંતૃપ્ત દ્રાવણ એટલે શું ?

(A) દ્રાવણ ઠંડું પાડવું. (B) પાણીમાં પદાર્થ ઓગળવાનું બંધ થવું.

(C) પાણીમાં વધારે પદાર્થ ઓગાળવા. (D) દ્રાવણને ગરમ કરવું.

(118) નબળા પ્રકાંડવાળી વનસ્પતિ જે જમીન પર પથરાઈ જાય છે તેને શું કહે છે ?

(A) વૃક્ષ (B) છોડ

(C) ક્ષુપ (D) ભૂપ્રસારી

(119) રંગીન પાણીમાં પ્રકાંડ મૂકી થોડો સમય બાદ અવલોકન કરતા પ્રકાંડમાં રંગીન પાણી ઉપર ચડવાની પ્રક્રિયા શું દર્શાવે છે ?

(A) પ્રકાંડ રંગ બદલે છે. (B) પ્રકાંડ પાણીનું શોષણ કરે છે.

(C) પ્રકાંડ ખોરાક બનાવે છે. (D) પ્રકાંડ પાણીનું વહન કરે છે.

(120) ખોપરીનું કયું અસ્થી હલન ચલન કરી શકે છે ?

(A) માથુ (B) ઉપલું જડબું

(C) નીચલું જડબું (D) એક પણ નહીં.

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

# રફ કામ માટેનું પેઈજ

A 276351

## રફ કામ માટેનું પેઈજ

**પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**